



આનંદ-ઉલ્લાસ સાથે ઉજવાતા નાતાલ પર્વની ઉજવણી આ વર્ષે એકદમ સાદાઈથી થઈ રહી છે. ચર્ચમાં દર વર્ષે રોશની થાય છે. પ્રાર્થનાસભાઓ યોજાય છે. આ ઉપરાંત સાન્તાકલોઝ સાથે બાળકો માટેની ડાન્સ પાર્ટી ઘણી જગ્યાએ યોજાય છે. પરંતુ આ વર્ષે કોરોનાના કારણે નાતાલનો ભપકો જરાય જોવા મળ્યો નથી. ચર્ચમાં પ્રવેશ માટે નિયમો બનાવાયા છે. સેનેટાઈઝેશનની સુવિધા અને ફરજિયાત માસ્ક સાથે ચર્ચમાં પ્રવેશ અપાયા હતા. આખો દિવસ સોશ્યલ ડિસ્ટન્સ સાથે ચર્ચમાં અવરજવર રહી હતી.

# શહેરમાં કોરોનાનો ડ્રાયરન ટેસ્ટ ૨૯મીએ યોજાશે

**શુક્રવારે તાલીમ અપાઈ : જિલ્લામાં ૫૦થી વધુ વય ધરાવતા અને કોમોબ્રિડ દર્દીઓની યાદી તૈયાર કરી દેવાઈ**

ગાંધીનગર, તા.૨૫

કોરોના વેક્સિનેશન માટેના ડ્રાયરન ટેસ્ટ માટે પસંદ કરાયેલ ગાંધીનગર જિલ્લામાં આજે ખાસ તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ૪ વેક્સિનેશન માટેના સેન્ટરો અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૪ વેક્સિનેશન સેન્ટરોને સાંકળી આ ડ્રાયરન ટેસ્ટ યોજવામાં આવશે. વેક્સિનેશન પૂર્વે આ એક પ્રકારની મોકડ્રીલ છે.

આ માટે જિલ્લામાંથી પસંદ કરાયેલા ૫૦થી વધુ કર્મચારીઓને આજે તાલીમ આપવામાં આવી હતી. તંત્રની સૂત્રોએ જણાવ્યું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, અડાલજ, તારાપુર સબસેન્ટર અને આશ્કા હોસ્પિટલની પસંદગી કરવામાં આવી છે. શહેરમાં સિવિલ હોસ્પિટલ, એક ખાનગી હોસ્પિટલ, એક સબ સેન્ટર અને એક અર્બન હેલ્થ સેન્ટરની પસંદગી કરાશે.

આગામી ૨૮, ૨૯ ડિસેમ્બરના રોજ ડ્રાયરન ટેસ્ટ યોજાશે. જેમાં ૨૮મીએ સંપૂર્ણ તૈયારીઓ સંપન્ન કરી દેવામાં આવશે. ૨૯મીએ આ ડ્રાયરન ટેસ્ટ યોજાશે. આ ડ્રાયરન ટેસ્ટની ફલશ્રુતિ સહિતનો અહેવાલ આરોગ્ય કમિશનરની કચેરીને આપવામાં આવશે. આ ડ્રાયરન ટેસ્ટમાં અંદાજે ૭૫થી વધુ કર્મચારીઓની સાંકળી લેવામાં આવશે.

દરમિયાન કોરોના વેક્સિનેશન માટેની યાદીઓ તૈયાર થઈ ચુકી છે. પ્રથમ રાઉન્ડમાં આરોગ્યના કર્મયોગીઓ, બીજા તબક્કામાં કોરોના વોરિયર્સ તેમજ ત્રીજા તબક્કામાં ૫૦થી વધુ વય ધરાવતા લોકો તેમજ ૫૦થી નીચેના કોમોર્બિડ દર્દીઓને સાંકળી લેવામાં આવશે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં કો-મોર્બિડ દર્દીઓની સંખ્યા ૧૨,૮૦૦ જેટલી જણાઈ છે. જ્યારે શહેરમાં આવા દર્દીઓની સંખ્યા ૧૮૦૦ જણાઈ છે.

જિલ્લામાં ૫૦થી વધુ વય ધરાવતા ૩ લાખ ૫૫ હજાર લોકોની યાદી પણ તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨ લાખ ૪૪ હજાર જેટલા લોકો છે જ્યારે શહેરમાં ૫૫ હજાર જેટલા લોકો આ વય જૂથના છે.

કોરોના વેક્સિનેશન માટે ખાસ સ્ટોર્સ જિલ્લા પંચાયત ખાતે ઉભો કરવામાં આવી રહ્યો છે.

# આગામી રવિવારથી મંગળવાર રેકર્ડ બ્રેક ઠંડી પડશે : અંબાલાલ પટેલ

**ગાંધીનગર અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રીની નીચે જવાની સંભાવના : નળિયામાં ૫ ડીગ્રીથી પણ નીચુ તાપમાન જશે : તા ૨૮ અને ૨૯ ડિસેમ્બરે કાતિલ ઠંડી પડશે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં વાતાવરણ વાદળિયુ રહેશે**

ગાંધીનગર તા ૨૫

સમગ્ર ગુજરાતમાં આગામી રવિવાર થી મંગળવાર દરમિયાન કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળશે. છેલ્લા પાંચ દિવસથી સમગ્ર શહેરમાં પણ ઠંડી અસહ્ય બની રહી છે. ત્યારે અત્યાર સુધી શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના અંતે લઘુત્તમ તાપમાન ૮.૫ ડીગ્રી સુધી પહોંચી ગયુહતુ જયારે હજુ પણ ગાંધીનગરમાં ઠંડીનો મિજાજ વધુ આક્રમક બનશે .ગાંધીનગર અમદાવાદમાં પણ ઠંડીનો પારો ૮ ડીગ્રીથી પણ નીચે જતો રહેશે તા ૨૮ અને ૨૯ ડિસેમ્બરના રોજ ઠંડીનુ જોર વધશે જયારે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ દરમિયાન વાતાવરણ વાદળિયુ રહેશે.

આગામી દિવસોમાં ગુજરાતના ભાગોમાં રેકર્ડ બ્રેક ઠંડી પડવાની સંભાવના છે. જેમાં ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં સખત ઠંડી પડશે. અમદાવાદ ગાંધીનગરના ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી થી પણ નીચુ જવાની સંભાવના છે. જયારે મહેસાણા પાટણ, બેચરાજી, સમી, હારી , પાલનપુર, દીશાના ભાગોમાં ન્યુન્નતમ તાપમાન ૭ ડીગ્રી નજીક રહેવાની સંભાવના છે. દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ ઠંડીનુ પ્રમાણ વધશે.વલસાડના ભાગમાં સખત ઠંડી પડશે. પંચમહાલના વિસ્તારમાં પણ સખત ઠંડીનો ચમકારો અનુભવાશે. સૌરાષ્ટ્રના વિસ્તારમાં ખાસ કરીને રાજકોટ , જુનાગઢ ગીરનાર સહીત ઉત્તર સૌરાષ્ટ્રના ભાગમાં સખત ઠંડીનુ મોજુ ફરી વળશે. સુરેન્દ્રનગરમાં પણ ઠંડી અસહ્ય બનશે. મધ્ય ગુજરાતના ભાગો વડોદરા , આણંદ અને ખેડામાં પણ ઠંડી પડશે. નલિયામાં ન્યુન્નતમ તાપમાન ૫ ડીગ્રી સેલ્સિયસ થી પણ નીચુ જશે. પોરબંદર જામનગર શહેરમાં પણ ઠંડી વધશે. ઘણાં વિસ્તારમાં રેકર્ડ બ્રેક ઠંડી પડશે. જાન્યુઆરીની શરૂઆતમાં વાદળવાયુ પણ આવી શકે. તા ૨૭ થી ૩૦ ડિસેમ્બરમાં ઠંડીનુ જોર વધશે. જેમાં તા ૨૮ , ૨૯ ડીસેમ્બરમાં રેકર્ડ બ્રેક ઠંડી પડવાની સંભાવના છે.

# જિલ્લામાં બટાટા અને રવિ સીઝનની વિક્રમી વાવણી

**તમાકુ, ચણાના વાવેતર વિસ્તારમાં પણ વૃદ્ધિ જોવા મળી : ઘઉંનું સરેરાશ વાવેતર થયું : ગાંધીનગર તાલુકામાં વરિયાળીનું વાવેતર ૮ હેક્ટરમાં જ નોંધાયું : રવિ સીઝનનું સૌથી વધુ વાવેતર પણ ગાંધીનગર તાલુકામાં**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે રવિ સીઝનની વાવણીનું વિક્રમી વેવાતર થવા પામ્યું છે. સરેરાશ ૭૧ હજાર હેક્ટરની સામે આ વર્ષે ૭૫,૬૨૯ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે.

ગાંધીનગર જિલ્લામાં દહેગામ તાલુકામાં ૧૮૬૦૦ હેક્ટરમાં, ગાંધીનગર તાલુકામાં ૨૧૫૦૬ હેક્ટરમાં, કલોલમાં ૧૦૦૪૯ હેક્ટરમાં અને માણસામાં ૨૫,૪૩૪ હેક્ટર વિસ્તારમાં રવિ પાકની વાવણી થઈ છે.

મળતી વિગતો પ્રમાણે રવિ સીઝનમાં ૨૫૪૦૫ હેક્ટરમાં ઘઉંનું વાવેતર થયું છે. જોકે ઘઉંના વાવેતર વિસ્તારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે. તેમાં શ્રમિકોની અછત એ મૂળ કારણ હોવાનું મનાઈ રહ્યું છે. જિલ્લામાં ઘઉંનું વાવેતરણ દહેગામ તાલુકામાં ૬૫૦૧ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૮૪૯૧ હેક્ટરમાં, કલોલમાં ૪૩૦૫ હેક્ટરમાં અને માણસામાં ૬૧૦૮ હેક્ટરમાં વાવેતર થયું છે.

જિલ્લાનો બીજો મુખ્ય પાક ગણાતા બટાટાનું વિક્રમી વાવેતર નોંધાયું છે. સામાન્યતઃ ૮ હજાર હેક્ટરમાં નોંધાતું આ વાવેતર આ વર્ષે ૧૨૦૧૨ હેક્ટરમાં નોંધાયું છે. જેમાં દહેગામમાં ૪૦૯૨ હેક્ટરમાં, ગાંદીનગરમાં ૪૯૨૪ હેક્ટરમાં કલોલમાં ૬૫ હેક્ટરમાં જ્યારે માણસામાં ૨૯૩૧ હેક્ટરમાં આ વાવેતર નોંધાયું છે.

જિલ્લામાં વરિયાળીનું વાવેતર ૧૦૨૮ હેક્ટરમાં, શાકભાજીના પાકોનું ૮૪૧૬ હેક્ટરમાં, ઘાસચારાનું વાવેતર ૨૨૨૪૭ હેક્ટરમાં વાવેતર થયું છે.

તમાકુના વાવેતર વિસ્તારમાં પણ વધારો નોંધાયો છે. જિલ્લમાં તમાકુનું વાવેતર માણસામાં સૌથી વધુ ૪૧૫૦ હેક્ટરમાં નોંધાયું છે. જ્યારે દહેગામમાં ૨૩૯ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૫૮ હેક્ટરમાં, કલોલમાં ૧૭૯ હેક્ટરમાં વાવેતર નોંધાયું છે. રાઈનું વાવેતર ૮૦૨ હેક્ટરમાં નોંધાયુ છે જ્યારે ચણાનું વાવેચર ૯૫૨ હેક્ટરમાં નોંધાયું છે.

જિલ્લામાં ઠંડીનું જોર જે ગતિએ વધુ રહ્યું છે તેને લઈ ખેડૂતોમાં સારા ઉત્પાદનની આશા જન્મી છે. ૨૫મી ડિસેમ્બર પછી ઠંડીનું પ્રમાણ વધશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં અન્ય કઠોળ પાકનું ૧૭ હેક્ટરમાં તેમજ જીરૂના પાકનું ૫ હેક્ટરમાં, ધાણાનું વાવેતર પણ ૧૯ હેક્ટરમાં નોંધાયું હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે. કલોલ અને ગાંધીનગરમાં વરિયાળીના

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૨૪ કલાક પાણીના પ્રોજેકટના કામ અન્વયે પણ હરિયાળીનો સોથ વળશે

**પાઇપલાઇ નાંખવા માટે પણ સેંકડો વૃક્ષો કપાશે : શહેર વસાહત મહામંડળનો આક્રોશ : સે-૨૨ના પર્યાવરણ પ્રેમી નાગરિકોની કામગીરી મહામંડળે બિરદાવી**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં વિકાસના કામો અન્વયે ધીમે ધીમે હરિયાળા વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ છે. વર્ષો જુના વૃક્ષોની કટોતી કરી દેવામાં આવે છે. સેકટરોના એપ્રોચ માર્ગોને અપગ્રેડ કરવા માટે પણ વૃક્ષો કપાય છે. ત્યાર હજુ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પણ હજુ સેંકડો વૃક્ષોની કટોતી થાય તેમ છે. ત્યારે આ મામલે નાગરિકોએ જાગૃત થવાની અનિવાર્યતા છે. સે-૨૨ માં વૃક્ષોની કટોતી અટકાવા માટે પર્યાવરણ પ્રેમીઓની કામગીરીને પણ પર્યાવરણ બચવા સમિતિએ બિરદાવી છે.

સે-૨૨ માં થતા વૃક્ષોના છેદનને અટકાવવા માટે નાગરિકોએ સ્વયંભુ જાગૃતિ દાખવી તે બદલ શહેર વસાહત મહામંડળ તેમજ પર્યાવરણ બચાવ સમિતિએ પર્યાવરણ પ્રેમીઓની કામગીરીને બિરદાવી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર હરિયાળા નગરમાં વૃક્ષોની કટોતી વિશેષ થાય છે. ત્યારે હરિયાળીનો સોથ ન વળે તે મુજબના કામો હાથ ધરવા માટે સરકાર આયોજન કરશે તેમણે વધુમાં જણાંવ્યુ હતુ દેશના એકમાત્ર શહેરમાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે તે શા માટે તે અંગે આર ટી આઈ કર્યા બાદ પણ સ્પષ્ટ જવાબ મળતો નથી. જયારે આ માર્ગને સિક્સલેન કરવાની શી જરૂર છે. જયારે આ રૂટમાં આવતા અંદાજિત ૮૫૮૦ જેટલા વૃક્ષોનુ પણ નિકંદન વળ્યુ છે. આ મામલે ગુજરાતની વડી અદાલતમાં અરજી કરવામાં આવી હોવા છતા આ કામગીરીને અટકાવવાના બદલે કામ આગળ ચાલી રહ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં રખડતા ઢોર પકડવાની કામગીરી તેજ અને અસરકારક બનાવવા માંગ

**સે-૫ માં આજે ઢોર પકડો ઝુંબેશ દરમિયાન તંત્રની ટીમ અને પશુપાલક વચ્ચે ઘર્ષણ : દબાણો ઉભા કરી રહેણાંક વિસ્તારમાં ઢોર રાખતા પશુપાલકોની દાદાગીરીથી રહીશો તોબા**

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યા વર્ષો જુની છે. શહેરના સેકટરોમાં નજર નાંખો ત્યાં ઢોર રખડતા જોવા મળે છે. સેકટરોના આંતરિક વિસ્તાર



અને નગરના મુખ્યમાર્ગો પર ઢોર અડ્ડો જમાવે છે. ઘણીવાર વાહનચાલકોએ કઇ દીશામાં જવુ તે પણ સુઝે નહીં તેવી સ્થિતિ સર્જાય છે. રખડતા ઢોરના લીધે અત્યાર સુધી અનેકવાર જાનલેવા અકસ્માત પણ થયા છે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં રખડતા ઢોરની સમસ્યા હજુ યથાવત છે. કોર્પોરેશન કક્ષાએથી સમયાંતરે ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ તે પણ નાટકીય પુરવાર થઇ છે. સેકટરોના કોમન પ્લોટમાં અડ્ડો જમાવીને બેસતા ઢોર ઘણીવાર સ્થાનિક રહીશો માટે જોખમી પુરવાર થાય છે. અગાઉ પણ સેકટરોમાં તોફાને ચઢેલા આખલાએ આતંક મચાવીને નાગરિકોને ઈજા પહોંચાડી હોવાના પણ કિસ્સાઓ ધ્યાને આવ્યા છે.જયારે વાહનોને પણ નુકશાન કરતા રખડતા ઢોરને પકડવાની ઝુંબેશ તેજ અને અસરકારક બનાવવા માટે પણ અનેકવાર રજુઆતો કરવામાં આવી છે. ત્યારે રખડતા ઢોરની સમસ્યા હળવી થવાના બદલે વધુ પેચીદી બની છે. ઢોરને રખડતા મુકતા પશુપાલકો પણ તંત્રની આ ઝુંબેશ સામે વિરોધ વ્યકત કરી કામગીરીમાં ખલેલ પહોંચાડતા હોવાના કિસ્સાઓ પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બન્યા છે. સે-૫ માં આજે ઢોર પકડવાની ઝુંબેશ દરમિયાન પણ આવી જ સ્થિતિ થઇ હતી. ઢોર પકડવાની ઝુંબેશ દરમિયાન ઢોર પકડનારી ટીમને સેકટરમાં દબાણ કરીને રહેતા પશુપાલકો વચ્ચે સામાન્ય ઘર્ષણ થયુ હતુ શહેરમાં રખડતા ઢોરના પ્રશ્નનો કાયમી નિકાલ કરવા માટે પ્રથમ આ સેકટરમાં દબાણ કરીને ઢોર રાખતા તત્વો સામે પગલા લેવા અનિવાર્ય હોવાનો પણ સુર ઉઠવા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા તંત્ર કહે છે ૨૭ કેસ : સરકાર કહે છે ૩૩ કેસ

**જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે પણ તંત્રો વચ્ચે સંકલનમાં ઘટાડો જોવા મળ્યો છે**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાના ટ્રેન્ડ વચ્ચે પણ તંત્રો વચ્ચે સંકલનમાં ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લા તંત્રએ જિલ્લામાં ૩૦થી નીચે કેસો નોંધાવાનું જણાવ્યુ઼ છે. જ્યારે રાજ્ય સરકારની સત્તાવાર યાદીમાં ૩૩ કેસ નોંધાયાનું જણાવ્યું છે.

જિલ્લા તંત્રએ ગાંધીનગરમાં ૨૭ કેસ નોંધાયાનું કહ્યુ઼ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ કેસ અને શહેરમાં ૧૪ કેસ નોંધાયા છે. સરકારે ગ્રામ્યમાં ૧૭ કેસ અને શહેરમાં ૧૬ કેસ નોંધાયાનું જણાવ્યું છે.

જિલ્લામાં કેસોના ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં જે ૧૩ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૪ કેસ, દહેગામમાં ૪ કેસષ માણસામાં ૧ કેસ અને કોલલમાં ૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૭ કેસ ૬૦થી વધુ વય ધરાવતા દર્દીઓના મળી આવ્યા છે. જેમાં ૬ કેસ તો ૭૦ કે તેથી વધુ વય ધરાવતા દર્દીઓ છે. જિલ્લામાં ૪ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં સાદરા, કુડાસણ, ઝુંડાલ અને બી.એસ.એફ. કેમ્પ આલમપુર ખાતેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં મીરાપુર, બારિયા, જાલિયાના મઠ અને દહેગામ અર્બન વિસ્તારમાંથી કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકાના વડાસણા ગામેથી ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામે આવેલ મંગલજીવન વૃદ્ધાશ્રમમાંથી ત્રણનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાં એક ૮૮ વર્ષના વૃદ્ધ તેમજ ૮૨ વર્ષીય વૃદ્ધા અને ૭૦ વર્ષીય વૃદ્ધાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વાગોસણા ગામેથી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

જિલ્લા તંત્રના સૂત્રોએ રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાંથી ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૫૮૨ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૪૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૯૫થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૪૮૫ લોકોને ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ સતત રહેતા તંત્રએ થોડીર રાહત અનુભવી છે. નવ સેક્ટરોમાંથી આજે કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા કેસોમાં શિક્ષિકા, લીગલ સન્ટલ્ટન્ટ, સે.૧૯ જીમખાનાના કર્મયોગીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે.૫, ૨૬, ૨૩, ૩ અને ૨૪માં બે-બે કેસ ઉપરાંત સે.૧૨, સે.૨૫, સે.૨૮ અને સે.૧૪માંથી કેસો મળી આવેલ છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે, આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં હાલ ૨૧૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં આજે પણ ૧૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

**ગાંધીનગર, કલોલ, દહેગામમાં ૪-૪- કેસ, માણસામાં ૧ કેસ શહેરમાં સેક્ટર-૩, ૫, ૨૩, ૨૪ અને ૨૬માં બે-બે કેસ સહિત ૧૪ નવા કેસ : ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓમાંથી ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જ્યારે શહેરમાં આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# શહેરમાં પારો ૧૩ ડિગ્રી

સતત છ દિવસ આકરી ઠંડી પડયાં બાદ ઠંડીમાં સહેજ રાહત મળી છે. લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં ચાર ડિગ્રીનો વધારો થતાં ઠંડીમાં ઘટાડો થયો છે. ઉત્તર ભારતમાં સતત થયેલી બરફવર્ષાના કારણે છેલ્લા ઘણા દિવસોથી ગાંધીનગરમાં ઠંડીનું મોજું છવાયેલું રહ્યું હતું. સતત છ સાત દિવસથી ઠંડીનો પારો એક ડીજીટમાં રહ્યો હતો. ઠંડી દસ ડિગ્રીની નીચે રહેતા વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

આખો દિવસ વસાહતીઓને ઘરમાં રહેવાની ફરજ પડી હતી. ઠંડા પવનોએ તો રીતસર કહેર મચાવ્યો હતો. જો કે ગઈકાલ સાંજથી પવનોની દિશા બદલાતા ઠંડીમાં ઘટાડો શરૂ થયો હતો. ઠંડા પવનો સાવ બંધ થઈ જતાં લઘુત્તમ તાપમાન ઉંચકાયું હતું એક જ દિવસમાં તાપમાનમાં ચારેક ડિગ્રી જેટલો વધારો થતાં ઠંડીમાં ખૂબ રાહત મળી હતી. છેલ્લા ઘણા દિવસોથી આકરી ઠંડીનો સામનો કરી રહેલા વસાહતીઓને ઘણી રાહત મળી હતી. મહત્તમ તાપમાન પણ ૩૦ ડિગ્રી જેટલું રહ્યું હતું.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com